સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

Accredited Grade A by NAAC

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય ,
યુનિવર્સિટીકેમ્પસ , યુનિવર્સિટી રોડ,
રાજકોટ – ૩૬૦૦૦૫
ફોન નં. ૨૫૭૮૫૦૧ થી ૧૨ (એક્સ ) ૨૧૪

નં જોડાણ/૫/૨૬૩૬/૨૦૨૦ તા. ૨૩-૧-૨૦૨૦

વિષય :- તા. ૨૫.૦૧.૨૦૨૦ થી તા. ૨૯.૦૧.૨૦૨૦ જાન્યુઆરીના આયોજિત સૌરાષ્ટ્ર બુક ફેર અને લીટરેચર ફેસ્ટીવલમાં લાઈબ્રેરીયનને ઉપસ્થિત રહેવા બાબત.

પરિપત્ર :-

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સીટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવામાં આવે છે કે સૌરાષ્ટ્ર યુનિવર્સીટી – રાજકોટ તથા રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા, સમાજમાં તથા શિક્ષણક્ષેત્રે સંસ્કાર , સાહિત્ય અને સંસ્કૃતિનું સંવર્ધન થાય તેવા હેતુથી સૌરાષ્ટ્ર બુક ફેર અને લીટરેચર ફેસ્ટીવલનું આગામી તા. ૨૫.૧.૨૦૨૦ થી તા. ૨૯.૦૧.૨૦૨૦ જાન્યુઆરી – ૨૦૨૦ દરમ્યાન ધર્મેન્દ્રસિંહજી કોલેજ – રાજકોટ ખાતે આયોજન કરવામાં આવેલ છે. આ બુકફેરમાં સુચારુ વ્યવસ્થા માટે આપની સંસ્થાના લાઈબ્રેરીયનશ્રીને તા. ૨૪.૧.૨૦૨૦ થી તા. ૨૯.૦૧.૨૦૨૦ ( રવિવાર બાદ કરતા ) કુલ – ૫ દિવસ ( તા. ૨૬.૧.૨૦૨૦ , રવિવાર ) ની ડ્યુટી લીવ આપી સવારે ૦૮ વાગ્યાથી રાત્રે ૧૧ વાગ્યા સુધી અમારા સહયોગ માટે ઉક્ત જ્ઞાનવર્ધક ફેસ્ટીવલમાં લાઈબ્રેરીયનશ્રીનો સંપુર્ણ સહયોગ અત્યંત અનિવાર્ય હોવાથી આપ લાઈબ્રેરીયનશ્રીને પૂર્ણ સમય અચૂક મોકલશો, તેવી આથી સુચના આપવામાં આવે છે. જો આપના લાઈબ્રેરીયનશ્રી ઉપરોક્ત વિગતે પૂર્ણ સમય ઉપસ્થિત ન રહી શકે અને તે દરમ્યાન આપની સંસ્થામાં હાજર માલુમ જણાશે તો ભવિષ્યમાં આપની યુનિવર્સીટી દ્વારા તે અંગે ગંભીર નોંધ લેવામાં આવશે. જે ધ્યાને લેશો. વધુમાં આપની કોલેજના તમામ વિદ્યાર્થીઓ તથા કર્મચારીગણ પણ આ બુકફેરની કમ સે કમ એક દિવસ મુલાકાત લે તેવું આયોજન પણ થવા વિનંતી કરવામાં આવે છે.

આ અંતર્ગત તા.૧૬.૧.૨૦૨૦ ના રોજ સૌરાષ્ટ્ર યુનિવર્સીટી, સેનેટ હોલ ખાતે, સાંજે ૬:૦૦ કલાકે આયોજિત પૂર્વ તૈયારીની મીટીંગમાં પણ આપની સંસ્થાના લાઈબ્રેરીયનશ્રી હાજર રહે તેવી સુચના આપવા જણાવવામાં આવે છે.

જે બાબત ધ્યાને લઈ યોગ્ય કાર્યવાહી થવા વિનંતી કરવામાં આવે છે.

કુલસચિવ

P.T.O.

પ્રતિ,

- સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ

નકલ સાદર રવાના:-

૧. માન.કુલપતિશ્રી/ માન.ઉપકુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી

નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે :-

૧. કોમ્પ્યુટર સેન્ટર ( વેબસાઈટ પર પ્રસિધ્ધ થવા અર્થે ...)

૨. ગ્રંથપાલશ્રી, સૌરાષ્ટ્ર યુનિવર્સીટી, રાજકોટ

K pariptr 2020 6